#018

નમ્ર વ્યક્તિ 😊

મિત્રો આપે જોયું હશે, નમ્ર માણસ ક્યારેય એવું નથી કહેતો કે “મને બધું આવડે છે.”

કારણ કે એ જાણે છે કે જીવન પોતે જ એક મોટું શિક્ષણ છે.

જ્યારે માણસ નમ્ર રહે છે, ત્યારે તેનું મન ખુલ્લું રહે છે —
નવા વિચારો માટે, નવી રીતો માટે, અને નવી શીખ માટે.

અહંકાર માણસને અટકાવે છે,
પણ નમ્રતા માણસને આગળ વધારતી જ રહે છે.

નમ્ર માણસ ભૂલમાંથી શીખે છે,
ટીકાને તક બનાવે છે,
અને દરેક વ્યક્તિ પાસેથી કંઈક શીખવાની તૈયારી રાખે છે —
ભલે એ વ્યક્તિ નાની હોય કે મોટી.

એક વાત યાદ રાખવા જેવી ખરી કે,
જે જેટલો નમ્ર, એ એટલો જ વધારે વિકસે.
શીખવાનું બંધ થાય, એ દિવસે વિકાસ પણ બંધ થાય.
નમ્ર માણસ પાસે હંમેશાં શીખવા માટે જગ્યા એટલે હોય છે, કે એને પોતાની મર્યાદાઓ સ્વીકારવાની હિંમત હોય છે.

જે નમ્ર રહે છે, એ જ જીવન પાસેથી સતત શીખે છે અને શાંતિ સાથે આગળ વધે છે.

ચાલો સંકલ્પ કરીએ,
હું નમ્ર રહીશ, શીખતો રહીશ અને દરરોજ થોડું વધુ સારો બનતો રહીશ. ✨